પ્રસાર ફોલ્ડર ૦૪/૨૦૧૫

# ચોમાસું મગફળીની ઉત્તમ ખેતી : સમસ્યા અને સમાધાન




**ભાકૃઅનુપ-મગફળી અનુસંધાન નિદેશાલય**

પો.બો. નં.-૫, ઇવનગર રોડ, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧ (ગુજરાત)

હરનારાયણ મીના, પી. કે. ભાલોડીયા, રણજીત સિંહ યાદવ, નવિન કુમાર જૈન અને રાધાકૃષ્ણન ટી.

# ચોમાસું મગફળીની ઉત્તમ ખેતી : સમસ્યા અને સમાધાન

| ક્યારે અને શું કરવું ? | કેવી રીતે કરવું ? | શું ન કરવું ? | કેમ ન કરવું ? |
|---|---|---|---|
| **જમીન ની શરૂઆતની તૈયારી** | | | |
| • એપ્રિલ-મે મહિનામાં જમીનની તૈયારી કરવી.<br>• વરસાદનાં પાણીનાં સંગ્રહ માટે ચીકણી કાળી અને સખત ભારે જમીનમાં ત્રણ વર્ષે એક વાર હળથી ઊંડી ખેડ કરવી. | • ખેતરમાં ઢેફાં ભાંગવા માટે દાંતી અથવા રોટાવેટર ચલાવવું.<br>• ઉનાળામાં ઊંડી ખેડ (૨૦-૩૦ સે.મી.) કરવાથી સૂર્ય પ્રકાશને લીધે કિટકો, રોગ યુક્ત જીવાણું અને નિંદામણનો ઘટાડો થાય છે. | • ભીની જમીનમાં ખેડ ક્યારેય ન કરવી.<br>• છીછરી અને હલકી જમીનમાં ઊંડી ખેડ ક્યારેય ન કરવી. | • ખેતરમાં મોટા મોટા ઢેફાં થઈ જશે.<br>• વધારે ખેડ કરવાથી પાણી અને પવન થી માટીનું ધોવાણ થાય જેથી જમીનની ફળદ્રુપતા ઘટે છે. |
| **જાતોની પસંદગી** | | | |
| • વધારે ઉત્પાદન આપતી જાતોની પસંદગી કરો.<br>• જીવાત, રોગ અને પાણીની અછત સામે લડવાની ક્ષમતા ધરાવતી જાતો પસંદ કરો. | • પાક પાકવાનાં સમય અનુસાર જાતોની પસંદગી કરો.<br>• ઉભડી જાત ૧૦૦-૧૧૫ દિવસ અને વેલડી જાત ૧૨૦-૧૪૦ દિવસમાં પાકી જાય છે. | • ઓછા વરસાદવાળા વિસ્તારમાં અને પિયતની સુવિધા ન હોય તો વહેલી પાકતી જાતોની જ પસંદગી કરવી. | • મોડી પાકતી જાતોને યોગ્ય ભેજ ન મળવાથી ઉત્પાદન ઓછું થાય છે. |
| **બિયારણની પસંદગી** | | | |
| • મધ્યમ કદ અને અંકુરણ ક્ષમતા અનુસાર સારી ગુણવત્તાવાળા બિયારણની પસંદગી કરો.<br>• આનુંવશિક શુદ્ધ બીજથી ઉગાવો અને સ્વસ્થ છોડની માત્રા વધારે રહે છે. | • હંમેશા પ્રમાણિત બિયારણનો જ ઉપયોગ કરવો.<br>• વાવેતરનાં એક અઠવાડિયા પહેલા જ ડોડવામાંથી દાણા કાઢી લેવા.<br>• ખેડૂતે પોતાના ખેતરમાંથી અન્ય જાતોના છોડવાઓ ઉપાડીને દુર કર્યા બાદ મળેલ બિયારણને સુકી અને ઠંડી જગ્યામાં સંગ્રહ કરવો અને આવતા વર્ષે વાવેતરનાં કામમાં લેવું. | • વધારે જુનું બિયારણ કામમાં ન લેવું.<br>• વધારે અથવા ઓછા પાકેલ, તૂટેલ અને રોગયુક્ત બીજનો ઉપયોગ ન કરવો.<br>• જુદી જુદી જાતોને એક સાથે અથવા પાસે પાસે ન વાવવી. | • ઉગાવાની ક્ષમતા ઓછી થઈ જાય છે.<br>• ઉગાવો ઓછો હોવાથી ઉત્પાદન ઘટી જાય છે.<br>• જાતોની ગુણવત્તા જાળવી રાખવામાં મુશ્કેલીઓ આવે છે. |

## બીજની માવજત

- બીજ આધારિત રોગોથી પાકને બચાવવા અને આર્થિક લાભ માટે બીજની માવજત કરવી અતિ આવશ્યક છે.
- ફૂગ નાશક અને જંતુનાશક દવાથી માવજત કરવી.
- રાઈઝોબિયમ,પીજીપીઆર, ફોસ્ફરસને લભ્ય બનાવતા જીવાણું જેવા જૈવિક ખાતર થી માવજત કરવી.
- મેન્કોઝેબ (૩-૪ ગ્રામ/કિલો) અથવા કાર્બેન્ડેઝીમ (૨ ગ્રામ/કિલો) થી બીજની માવજત કરવી.
- ૧૦ ગ્રામ/કિલો બીજને ટ્રાઈકોડર્માં વિરિડી અને સ્યુડોમોનાસ ફ્લુરોસન્સ થી માવજત કરવી.
- રાઈઝોબિયમ કલ્ચર અને ફોસ્ફરસ લભ્ય બનાવતા જીવાણુંનો પ્રયોગ ૬૦૦ ગ્રા./હે નાં દરથી કરવો.
- ઉપર દર્શાવેલ ફૂગનાશક નાં પ્રમાણ નું ખાસ દયાન રાખવું.
- ફૂગનાશક દવાની માવજત પછી તરત વાવણી ન કરવી.
- રાઈઝોબિયમ કલ્ચર અને ફોસ્ફરસ લભ્ય બનાવતા જીવાણુંની માવજત કર્યા પછી વાવણી કરવામાં મોડું ન કરવું.
- તરત વાવણી કરવાથી ફૂગનાશક બીજની અંદર રહેલ ફૂગને મારવામાં સફળ થતી નથી.
- મોડું કરવાથી સૂક્ષ્મજીવો નિષ્ક્રિય થવા લાગે છે.
- તડકામાં સુકવવાથી જૈવિક સૂક્ષ્મજીવો મરવા લાગે છે.

## વાવણીનો સમય

- વાવણી લાયક વરસાદની સાથે ૧ જુન થી ૧૫ જુલાઈનાં ગાળામાં વાવણી કરવી.
- જો પિયતની સગવડ હોય તો જુનનાં પહેલા અઠવાડિયામાં વાવણી કરવી.
- જો વહેલો વરસાદ થાય તો વેલડી જાતો લેવી નહિંતર ઉભડી જાતો લેવી.
- સડેલું છાણીયું ખાતર ૩૦ દિવસ પહેલા સારી રીતે માટીમાં ભેળવીને નાખવું.
- વાવણી પહેલા રાસાયણિક ખાતર ઓટોમેટીક ઓરણીથી ૮-૧૦ સેમી.ઊંડાઈએ નાખવું.
- વધારે ઉત્પાદન માટે ચીકણી માટીમાં પહોળા ક્યારા અને નાલી, ગાદી ક્યારા અને નાલી અથવા આડા ઉભા ચાસ પદ્ધતિઓથી વાવણી કરવી.
- બીજને ૫ સેમી. થી વધારે ઊંડાં ન વાવવાં.
- વેલડી અને લાંબાગાળાની જાતો ને ૧૫ જુલાઈ પછી ન વાવવી.
- બીજ અને રાસાયણિક ખાતર એકસરખી ઊંડાઈએ ન નાખવાં.
- બીજને વધારે ઊંડું નાંખવાથી ઉગાવો તથા છોડવાનાં વિકાસને અસર થાય છે.
- બીજને વધારે ઊંડું નાંખવાથી બીજ જમીનમાં જ સડી જવાની સંભાવના વધી જાય છે.
- વધારે લાંબાગાળાની જાતોનું મોડું વાવેતર કરવાથી ભેજની ઊણપને લીધે ઉત્પાદન તથા ગુણવત્તા ઘટી જાય છે.

## બીજનો દર અને અંતર

- બીજનુ વાવેતર હારોમાં ઓટોમેટીક ઓરણીથી કરવું.
- બીજની સ્ફુરણ ક્ષમતા અને બે હાર વચ્ચેનાં અંતરને ધ્યાનમાં લઈ બીજનું પ્રમાણ ૧૦૦-૧૨૦ કિલો/હેક્ટર રાખવું જેથી ઈચ્છિત છોડ સંખ્યા પ્રાપ્ત થઈ શકે.
- બે હાર વચ્ચે વેલડી જાતો માટે ૬૦ સેમી. તથા ઉભડી જાતો માટે ૩૦-૪૫ સેમી. અને બે છોડ વચ્ચે ૧૦ સેમી. અંતર રાખવું.
- જમીનનો પ્રકાર અને ફળદ્રુપતા, પિયતની સગવડ તથા આંતર પાક પ્રવૃત્તિઓ અનુસાર બે હાર વચ્ચેનાં અંતરમાં ફેરફાર કરી શકાય છે.
- વાવણી ઓટોમેટીક ઓરણી દ્વારા જ કરવી.
- છીછરી વાવણી ન કરવી.
- પુંખીને વાવણી ન કરવી.
- ભલામણ કરેલ બીજ દરથી વધારે કે ઓછા બીજનો પ્રયોગ ન કરવો.
- છીછરુ વાવેતર કરવાથી ભેજની ઊણપને લીધે ઉગાવો સારો થતો નથી તેમજ પક્ષીઓ દ્વારા પણ નુકસાન થાય છે.
- બીજનો ઉગાવો અને આંતરખેડ પ્રવૃત્તિઓને અસર થાય છે.
- ભલામણ કરેલ બીજ દર અને હારમાં વાવેતર કરવાથી ઈચ્છિત છોડ સંખ્યા પ્રાપ્ત થાય છે.

## જમીનની ફળદ્રુપતા વધારવી

- લાંબા સમય સુધી જમીનની ફળદ્રુપતા જાળવી રાખવા માટે સેન્દ્રીય ખાતર જેવા કે છાણિયું ખાતર, કમ્પોસ્ટ, મરઘીનું ખાતર વાવેતરના ૧૫-૩૦ દિવસ પહેલા માટીમાં ભેળવી દેવું અથવા લીલો પડવાસ કરવો.
- બે-ત્રણ વર્ષના અંતરે શણ, બરસિમ અથવા ઇક્કડ જેવા પાકો વાવી ફૂલ આવે તે પહેલા ડીશ પ્લાઉથી જમીનમાં દાટી દેવા.
- પાકમાં ફેરફાર કરો.
- ખાતરને ચાસમાં નાખી સમાર મારી ઢાંકી દેવું જેથી જૈવિક ખાતર માટીમાં ભળી જાય. જો ખાતર સૂર્ય પ્રકાશમાં રહે તો આવશ્યક પોષક તત્વો નષ્ટ થઇ જાય છે.
- લીલો પડવાસ સારી રીતે દબાવવાનું ન ભૂલશો.
- દર વર્ષે એક જ ખેતરમાં મગફળી ન વાવશો.
- સડયા વગરનું કે અધૂરું સડેલ છાણીયું ખાતર ખેતરમાં ન નાખવું.
- લીલો પડવાસ સારી રીતે ન દબાવવાથી જલ્દી સડી જશે નહિ અને ઉધઈનું પ્રમાણ વધવાની સંભાવના રહે છે.
- મગફળીમાં રોગનું પ્રમાણ વધવાની સંભાવના રહે છે.
- ઉધઈનું પ્રમાણ વધી જાય છે.

## દેશી અને રાસાયણિક ખાતરનો સંતુલિત ઉપયોગ

- મૂળની ગાંઠો દ્વારા વાતાવરણમાંથી નાઈટ્રોજન મૂળમાં પ્રસ્થાપિત થાય છે તેથી વધારે નાઈટ્રોજનની જરૂરીયાત રહેતી નથી.
- અન્ય મુખ્ય તથા સૂક્ષ્મ તત્વોનો ઉપયોગ જમીનની જરૂરિયાત પર આધાર રાખે છે.
- જીપ્સમનો ઉપયોગ કરવો.
- બિન પિયત મગફળીમાં ૧૨.૫-૨૫ કિલો નાઈટ્રોજન, ૨૫-૬૦ કિલો ફોસ્ફરસ અને ૦-૩૦ કિલો પોટાશ પ્રતિ હેક્ટર અને પિયત માટે ૨૫-૩૭.૫ કિલો નાઈટ્રોજન, ૫૦-૭૦ કિલો ફોસ્ફરસ અને ૦-૩૦ કિલો પોટાશ પ્રતિ હેક્ટર આપવું
- પાકમા સંતુલિત પોષક તત્વોની વ્યવસ્થા કરવી.
- રાસાયણિક ખાતર સુયોજિત પ્રમાણમાં જ નાખવું.
- સંભવતઃ એમોનિયમ સલ્ફેટ તથા સિંગલ સુપર ફોસ્ફેટનો જ ઉપયોગ કરવો પણ ઉપલબ્ધતા ન હોય ત્યારે યુરિયા, ડીએપી અને એનપીકેનો સુયોજિત માત્રામાં ઉપયોગ કરી શકાય છે.
- જો ઝીંકની ખામી હોય તો ઝીંક સલ્ફેટ ૨૦ કિલો/હે. નાં દર થી નાખવું.
- જો લોહ તત્વની ખામી હોય તો ફેરસ સલ્ફેટ (૦.૫ ગ્રામ/લી.) અને સાઇટ્રિક એસીડ (૦.૦૨ ગ્રામ/લી.) નો જરૂરીયાત પ્રમાણે છંટકાવ કરવો.
- જૈવિક ખાતરના મહત્તમ ઉપયોગથી રાસાયણિક ખાતરની કાર્ય ક્ષમતા વધી જાય છે.
- નાઈટ્રોજનનો વધારે જથ્થો ન આપવો.
- રાસાયણિક ખાતર છાંટીને ન નાખવું.
- રાસાયણિક ખાતરને બીજ સાથે ભેળવીને ઉપયોગ ન કરવો.
- જમીનની ચકાસણી વગર રાસાયણિક ખાતર ન આપવું.
- નાઈટ્રોજનની જરૂરિયાત ઓછી હોય છે તથા ફોસ્ફરસ, પોટાશ અને કેલ્શિયમ ચાસમાં જ નાખવાં.
- દેશી/રાસાયણિક ખાતરનો છંટકાવ કરવાથી અસમાન વિતરણ થાય છે અને જમીનમાં સારી રીતે ભળી શકે નહીં.
- રાસાયણિક ખાતર બીજ સાથે ભેળવવાથી બીજના ઉગાવાને અસર થાય છે.
- માટીનું પૃથક્કરણ કરાવ્યા વિના રાસાયણિક ખાતર નાંખવાથી પાકનું પોષણ અસંતુલિત થઇ જાય છે, ઉત્પાદન ખર્ચ વધે છે અને ફળદ્રુપતામાં પણ ઘટાડો આવી શકે છે.

## નિંદામણ વ્યવસ્થાપન

- સંકલિત નિંદામણ વ્યવસ્થાપન કરવું.
- ૪૫-૬૦ સુધી પાકમાં નિંદામણ નહોવું જોઈએ.
- નિંદામણનાશક દવાનો ઉપયોગ કરવો.
- પાકમાં ફેરફાર, આંતરપાક અને મલ્ચીંગ પધ્ધતિ અપનાવો.

- ઉભડી જાતોમાં ૨૦ અને ૪૦ દિવસ અને વેલડી જાતોમાં ૨૦-૪૦-૫૫ દિવસ પર આંતર ખેડ કરો અને હારમાંથી ઘાસ કાઢવું.
- પેન્ડીમીથેલીન (૧.૦-૨.૦ લી/હે.)ઓક્ઝીફ્લુરફેન (૦.૨૫-૦.૫૦ લી/હે.) નો વાવણી બાદ ૨૪ કલાકની અંદર છંટકાવ કરવો.
- ક્લેજેલોફોપ-ઈથાઈલ (૫૦ ગ્રામ/હે.) અને ઈમેઝાથાઈપર (૫૦ ગ્રામ/હે.) નો વાવણી બાદ ૧૫-૩૦ દિવસમાં છંટકાવ કરવો.

- પવનની અવળી દિશા અને ગતિ વધારે હોય તો નિંદામણનાશક દવા ન છાંટવી.
- છંટકાવ સમયે માટી સુકી કે ભેજ ઓછો ન હોવો જોઈએ.
- સમયસીમા સમાપ્ત થયેલ નિંદામણનાશકનો ઉપયોગ ન કરવો.

- પવનની અવળી દિશા અને ગતિ વધારે હોય તો એક સમાન વિતરણ થઈ શકે નથી.
- ભેજની ઉણપમાં નિંદામણનાશક અસરકારક થઈ શકતી નથી.
- સમયસીમા સમાપ્ત થયેલ નિંદામણનાશક નાંખવાથી નિંદામણ નષ્ટ થતું નથી તેમજ પાકને નુકસાન પણ થઈ શકે છે.

## આંતર પાક પદ્ધતિઓ

- તુવેર, એરંડી, તલ, સૂર્યમુખી, બાજરો, અને કપાસની સાથે આંતરપાક ખેતી કરવી.
- પિયત જમીનમાં કપાસ સાથે આંતરપાક ખેતી કરવી.
- આથી જમીનની ફળદ્રુપતામાં સુધાર, ઉપજમાં સ્થિરતા, કિટકો અને રોગોના જોખમમાં ઘટાડો થાય છે અને ઊંચું વળતર મળે છે.

- મગફળી + તુવેર: ગુજરાત (૩:૧),
- મગફળી + એરંડી: ગુજરાત (૩:૧),
- મગફળી + સુર્યમુખી: ગુજરાત (૧:૧),
- મગફળી + બાજરા: ગુજરાત (૧:૧),
- મગફળી + કપાસ: ગુજરાત (૧:૧),
- મગફળી + તલ: ગુજરાત (૧:૧).

- એરંડીને મગફળી સાથે ન વાવવી.
- આંતરપાકને રાસાયણિક ખાતર આપવાનાં પ્રમાણમાં ભૂલ ન કરવી.
- સાથમાં ઊગેલ પાકને ધ્યાનમાં લઈને નિંદામણનાશકનો ઉપયોગ કરવો.
- એક સમાન પાકો આ પદ્ધતિમાં ન લગાવવા જેવા કે તેલીબિયાં : તેલીબિયાં, કઠોળ : કઠોળ

- એરંડીનું વાવેતર એક મહિના બાદ કરવું નહિંતર મગફળીનો વિકાસ અટકી જશે.
- બન્ને પાકને ખાતર આપવું નહિંતર પોષક તત્વોની ખામી રહેશે.
- નિંદામણનાશક સાથેનાં પાકને મારી શકે છે.
- પાક વિવિધતાનો ફાયદો મળી શકે નહિ.

## પાણી સંરક્ષણ અને વ્યવસ્થાપન

- વરસાદ આધારિત ખેતીમાં મે-સપ્ટેમ્બર મહિનાની વચ્ચે પાણીનાં સંગ્રહ માટે જરૂરી પગલા લેવા અને દુકાળ કે ઓછા વરસાદની સ્થિતિમાં સંગ્રહિત પાણીનો પિયતમાં ઉપયોગ કરી શકાય.
- અતિ વરસાદની સ્થિતિમાં પાણી નિકાસની યોગ્ય વ્યવસ્થા કરવી.

- એપ્રિલ-મે મહિનામાં ઊંડી ખેડ કરવી જેથી વરસાદનાં પાણીનો સંગ્રહ થઈ શકે.
- પહોળા ક્યારા તથા નાલી અને ગાદી તથા નાલી પદ્ધતિઓ દ્વારા નાલીઓ વડે પાણીનો નિકાસ કરી સંગ્રહિત કરવાથી લગભગ ૫૦% પાણી બચાવી શકાય છે જેનો વરસાદની અછતના સમયમાં ઉપયોગ કરી પિયત આપવાથી પાકને જીવનદાન મળે છે.
- પિયત તરીકે ફુવારા કે ટપક પદ્ધતિઓ અપનાવવાથી પાણીનો મહત્તમ બચાવ થઈ શકે છે.

- ૬૦ દિવસ પછી આંતરખેડ ન કરવી.
- ગાદી અને નાલીમાં નિંદામણ ન ઉગવા દેવા.
- વધારે વરસાદની સ્થિતિમાં ખેતરમાં પાણી ભરાવા ન દેવું.
- પિયત તરીકે યોગ્ય માત્રામાં જ પાણી આપવું.

- વધારે આંતરખેડ કરવાથી સુયા બેસવા તથા ડોડવા બનવાની ક્રિયામાં અડચણ પડે છે.
- નિંદામણનાં બીજ ખેતરમાં ફેલાઈ જાય છે.
- સ્થાયી પાણી પાકને નુકસાન કરે છે તેથી પાણીનો નિકાસ કરી દેવો.
- વધારે પાણી આપવાથી જરૂરી પોષક તત્વો મુળિયાંની નીચે જતા રહે છે.

## જીવાત નિયંત્રણ

- સંકલિત રીતે જીવાતનુ નિયંત્રણ/વ્યવસ્થાપન કરવુ.
- કુદરતી અને જૈવિક રસાયણોને પ્રાથમિકતા આપવી.
- ચુસીયા પ્રકારની જીવાતો જેવીકે લીલા તડતડીયા/પાન કોરિયું, મોલો, થ્રીપ્સ, સફેદ માખી તથા પાન કથીરીનું નિયંત્રણ કરવું.
- પાન ખાનારી જીવાત જેવી કે લશ્કરી ઈયળ, લીલી ઈયળ, પાન કોરિયું વગેરેનું નિયંત્રણ કરો.
- જમીન તથા ગોડાઉનમાં થતી જીવાત જેવી કે સફેદ ધેણ, ભોટવા તથા ઉધઈનું નિયંત્રણ કરવું.

- જમીન સૌરીકરણ, ઊંડી ખેડ,બીજ માવજત, પાકમાં ફેરફાર, તેમજ આંતર પાકનું વાવેતર અપનાવવુ.
- ચુસીયા પ્રકારની જીવાતોના નિયંત્રણ માટે ઈમિડાક્લોપ્રાઈડ ૧૭.૮ SL અથવા થાયોક્લોપ્રાઈડ ૪૮૦ SC (૦.૩ મિલી/લી) અથવા એસિટામીપ્રાઈડ ૨૦ SP અને થાયોમેથોક્ષામ ૨૫ WG (૦.૨ મિલી/લી) અથવા મોનોક્રોટોફોસ ૩૬ SL (૨.૫ મિલી/લી) ના પ્રમાણે છંટકાવ કરવો.
- પાન ખાનારી જીવાતોના નિયંત્રણ માટે ક્લોરોપાયારીફોસ ૨૦ ઈ સી (૨.૫ મિલી/લી) અથવા ફ્લુબેન્ડામાઈડ ૪૮૦ એસ સી (૦.૨ મિલી/લી) ના પ્રમાણે છંટકાવ કરવો.
- મગફળીના કોથળા પર ડેલ્ટામેથ્રીન ૨.૫ એસ સી (૦.૫ મિલી/લી) અથવા મેલાથીયોન ૫૦ ઈ સી (૫.૦ મિલી/લી) અથવા સ્પીનોસેડ ૪૫ એસ સી (૦.૩ મિલી/લી) ના પ્રમાણે છંટકાવ કરવો.

- નાઈટ્રોજનયુક્ત ખાતરનો વધુ પડતો ઉપયોગ ન કરવો.
- ચુસિયા જીવાતનો ઉપદ્રવ વધારે હોય તો મગનો આંતરપાક ન કરવો.
- વધારે મારણક્ષમતા વાળી જંતુનાશકોનો ઉપયોગ ન કરવો.
- તેજ સૂર્યપ્રકાશમાં અને પવનની વિરુધ્ધ દિશામાં દવાનો છંટકાવ ન કરવો.
- જંતુનાશકને બાળકોની પહોંચથી દુર રાખવી.

- પાક વધુ લીલો હોવાને કારણે જીવાતો આકર્ષિત થાય છે.
- મગના પાન પર ચુસિયા જીવાતના વાહકનો વિકાસ થાય છે.
- પાકને નુકસાન પહોંચી શકે છે.
- નાક અને મોઢામાં દવા જઈ શકે છે. દવા છાંટનારને કંઈ તકલીફ થાય તો તરત ડોકટરનો સંપર્ક કરવો.
- બાળકો ભૂલથી દવા પી શકે છે.

### પાકમાં રોગનું નિયંત્રણ

- સંકલિત રીતે રોગોનું નિયંત્રણ/વ્યવસ્થાપન કરો.
- જમીનજન્ય રોગ જેવા કે થડનાં કોહવારાનાં રોગનાં, ઉગસૂકનો રોગ, થડ/ડોડવાનાં સડાનું નિવારણ કરો.
- પર્ણ રોગ જેવાકે પાનના ટપકાંનો રોગ (ટિક્કા), ગેરુ, અલ્ટરનેરીયા પર્ણ ફૂગનું નિયંત્રણ કરો.
- વિષાણું રોગ જેવો કે મગફળી અગ્રકલિકાનાં સુકારોનું નિયંત્રણ કરો.
- અફ્લાટોક્સિનનો ફેલાવો રોકવો.

- જમીનમાં રહેલ થડનાં કોહવારાનાં રોગનાં કારકોનો નાશ કરવા માટે પાક ચક્ર અપનાવો અથવા મઠ સાથે મિશ્ર પાક લેવો.
- વાવણીના ૧૫ દિવસ પહેલા ૫૦૦ કિગ્રા./હે નાં દરથી એરંડી કે લીમડાનો ખોળ ચાસમાં નાખવાથી થડનો કોહવારો અને ઉગસૂકનાં રોગનાં ચેપમાં ઘટાડો થાય છે.
- કાર્બેન્ડેઝીમ (૧-૧.૫ ગ્રામ/લી.) + મેન્કોઝેબ (૨-૨.૫ ગ્રામ/લી.) નો ૨-૩ અઠવાડિયાનાં અંતરે બે-ત્રણ છંટકાવ કરવો.
- ૨૫૦ કિલો છાણીયા ખાતરમાં ૪ કિલોના દરથી ટ્રાઈકોડર્મા હરજીયાનમ /ટ્રાઈકોડર્મા વિરિડી ભેળવી માટીમાં નાખવું.
- બાજરો અથવા મકાઈ ને આંતરપાક રૂપે વાવવાથી થ્રીપ્સ થી ફેલાતો મગફળીનો અગ્રકલિકાનાં સુકારામાં ઘટાડો થઈ શકે છે.

- કોલર રોટ રોગથી બચવા માટે ઊંડું વાવેતર ન કરવું.
- ક્ષતિગ્રસ્ત બીજ ન વાવવું અને ઊંડી ખેડ ન કરવી.
- મગફળી એક જ ખેતરમાં દર વર્ષે ન વાવવી.
- રોગ પ્રતિ સંવેદનશીલ જાતો ન વાવવી.
- એક જ પ્રકારની રોગનાશક દવાનો ઉપયોગ વારંવાર ન કરવો.

- જમીનને સૂર્ય પ્રકાશથી તપવા દેવી.
- બાજરો કે જુવાર કે મકાઈ કે તુવેર ને મગફળી સાથે આંતરપાક તરીકે વાવવાથી ટિક્કા અને ગેરૂ રોગની આક્રમકતા ઓછી થાય છે.
- આનાથી રોગ અને જીવાત ફેલાય છે, માટે પાક ચક્ર અપનાવો. પાક ચક્રમાં કપાસ, ઘઉં, મકાઈ, જુવાર, ડુંગળી તથા લસણને સામેલ કરવું જોઈએ.
- રોગનો દવા પ્રત્યે પ્રતિકારકતાવધવાની સાથે વાતાવરણ પ્રદૂષિત થાય છે માટે સંકલિત રોગ-જીવાત નિયંત્રણ રીત અપનાવો.

### કાપણી

- જ્યારે ૭૫-૮૦ % ડોડવા પાકી ગયા હોય ત્યારે કાપણી કરવી અને વહેલી પાકતી જાતોની કાપણી પહેલા કરવી.
- પાન પીળાં પડવા લાગે, જૂનાં પાન ખરવા લાગે અને ડોડવાની અંદર ભૂરી છાપ પડવા લાગે ત્યારે કાપણી કરવી.

- કાપણી બળદ અથવા ટ્રેક્ટર સંચાલિત રાપ થી કરવી.
- ભારે જમીન સુકાય ગઈ હોય તો કાપણીના ૭-૮ દિવસ પહેલા ફુવારાથી હલકું પિયત આપવું.
- કાપણી સમયે ડોડવા જમીનમાં ન રહે તેની કાળજી રાખવી.

- ઓછા પાકેલ પાકની કાપણી ન કરવી.
- જો માટી સુકી હોય તો કાપણી ન કરવી.
- પિયત બાદ તરત કાપણી ન કરવી.
- યંત્રથી કાપણી કરતા સમયે ડોડવાને નુકસાનથી બચાવવા.

- ગુણવત્તા ઓછી હશે તો સંગ્રહણ જીવાત નુકસાન કરી શકે છે.
- સુકી જમીનમાં કાપણી કરવાથી ડોડવા તૂટી શકે છે.
- પિયત બાદ તરત કાપણી કરવાથી ડોડવા પર માટી ચોંટી જાય છે.
- અફ્લાટોક્સિનનો ફેલાવો વધી શકે છે.

### થ્રેસિંગ, વીણાટ, સુકવણી અને સંગ્રહ

- થ્રેસિંગ બાદ મગફળીને છાયામાં જ સુકવવી.
- સુકા ડોડવા હાથ અથવા યંત્રથી જ કાઢવાં.
- સુકા ડોડવા પ્લાસ્ટીક કે શણનાં કોથળામાં રાખવાં.

- ઉપાડેલ છોડનાં નાના પાથરા કરી ઉલ્ટા સુકાવવા જોઈએ.
- પરંપરાગત પધ્ધતિથી મગફળીના છોડના પાથરા કરવાને બદલે છોડવાને એક્થડા રાખી ડોડવા સુર્યપ્રકાશ સામે રાખી સુકવવાથી અફ્લાટોકસીન ઉત્પન્ન થવાનું પ્રમાણ ૬૦થી૮૦% ઘટી જાય છે
- પ્લાસ્ટીક કે શણનાં કોથળાને જંતુરહિત અવશ્ય કરવાં.

- મગફળીનેસખત/આકરા તડકામાં ન સૂકવવી.
- જો ડોડવા માં ૮% થી વધારે ભેજ હોય તો સંગ્રહ ન કરવો.
- ગોડાઉનમાં ધુમિકરણ કરવાનું ન ભૂલવું.

- સખત/આકરા તડકામાં સુકાવવાથી બીજની સ્ફૂરણ ક્ષમતા ઘટી જાય છે.
- ભેજ વધારે હોય તો સંગ્રહણ જીવાતનો ઉપદ્રવ વધી જાય છે.
- ધુમિકરણ કરવાથી સંગ્રહણ જીવાતનો ઉપદ્રવ નહિ થાય.

## ગુજરાત રાજ્યમાં વાવેતર થતી મગફળીની જાતોની વિગતો:

| જાતનું નામ | જાતનો પ્રકાર | કઈ ઋતુ માટે | પાકવાના દિવસો | ઉત્પાદન (કિ./હે) | વિશેષતા |
|---|---|---|---|---|---|
| જે - ૧૧ | ઉભડી | બન્ને | ૧૦૪ | ૧૩૦૦ | ઉગસુકનાં રોગ અને અફલાટોક્સીન સામે સહનશીલ |
| જીજી – ૨ | ઉભડી | બન્ને | ૧૦૫ | ૩૧૦૦ (ઉનાળુ) | પાણીનો કાર્યક્ષમ ઉપયોગ |
| ટીજી – ૨૬ | ઉભડી | બન્ને | ૧૦૫ | ૧૫૯૬ (ચો), ૨૪૨૫ (ઉ) | બીજની સુષુપ્તતા અને ટિક્કા, ગેરુ અને અગ્રકાલિકાનાં સુકારા સામે સહનશીલ |
| જીજી – ૫ | ઉભડી | ચોમાસું | ૧૧૦ | ૧૨૨૦ | દુકાળ સહનશીલ તથા પાકે ત્યારે પાન લીલા રહે |
| જીજી – ૭ | ઉભડી | ચોમાસું | ૧૦૦ | ૨૧૪૯ | વહેલી પાકે તથા મોડા ટીક્કા સામે સહનશીલ |
| જીજી ૬ | ઉભડી | ઉનાળુ | ૧૦૦ | ૨૦૩૧ | વહેલી પાકે તથા ૭૩% દાણાનો ઉતારો |
| ટીપીજી – ૪૧ | ઉભડી | ઉનાળુ | ૧૨૨ | ૨૦૮૮ | મોટા દાણા, ગેરુ સામે સહનશીલ અને ૨૫ દિવસ સુધી બીજની સુષુપ્તતા |
| ટીજી ૩૭ એ | ઉભડી | બન્ને | ૧૨૨ | ૨૦૮૪ (ચો), ૨૮૩૫ (ઉ) | ૧૫ દિવસ સુધી બીજની સુષુપ્તતા, ઉગસુકનો રોગ, ગેરુ અને ટિક્કા સામે સહનશીલ |
| પૃથા (ડીએચ–૮૬) | ઉભડી | ઉનાળુ | ૧૨૫-૧૨૭ | ૪૦૨૨ | મધ્યમ છોડ, ટીક્કા અને ચુસિયા જીવાત સામે સહનશીલ |
| જીજેજી – ૩૧ | ઉભડી | ચોમાસું | ૧૦૩ | ૧૬૩૧ | થડનાં કોહવારાનાં રોગ સામે સહનશીલ |
| જીજેજી – ૯ | ઉભડી | ઉનાળુ | ૧૧૭ | ૩૪૮૩ | મધ્યમ કદના પાન, ગુલાબી દાણા |
| જીજી – ૨૦ | અર્ધ વેલડી | ચોમાસું | ૧૦૯ | ૧૯૬૦ | વહેલી પાકે |
| જીજેજી – ૨૨ | અર્ધ વેલડી | ચોમાસું | ૧૧૮ | ૧૭૭૦ | ઉગસુકના રોગ સામે સહનશીલ |
| જીએયુજી – ૧૦ | વેલડી | ચોમાસું | ૧૧૦-૧૨૦ | ૧૮૦૦ | મોડા ટિક્કા અને ગેરુ સામે સહનશીલ |
| જીજી – ૧૧ | વેલડી | ચોમાસું | ૧૧૦-૧૧૪ | ૨૦૫૦ | આગોતરા વાવેતર માટે અનુકુળ અને ગેરુ સામે સહનશીલ |
| જીજી - ૧૨ | વેલડી | ચોમાસું | ૧૧૨-૧૧૫ | ૧૩૦૫ | વહેલી પાકે |
| જીજી - ૧૪ | વેલડી | ચોમાસું | ૧૨૩ | ૨૧૫૯ | તેલનાં ટકા વધારે, થ્રીપ્સ, કાબરી ઈયળ, પાન કોરિયુંની ઈયળ સામે સહનશીલ |
| જીજેજી-એચપીએસ – ૧ | વેલડી | ચોમાસું | ૧૧૦-૧૨૦ | ૨૧૨૫ | મોટા દાણા |
| જીજેજી – ૧૭ | વેલડી | ચોમાસું | ૧૨૧ | ૧૭૯૮ | થડનો કોહવારાના રોગ સામે સહનશીલ |

અમો આ હસ્તપ્રતમાં સુધારાઓ સૂચવવા
બદલ ડૉ.એસ.ડી. સાવલિયાનો
આભાર વ્યક્ત કરીએ છીએ.

Published by :
**ICAR-Directorate of Groundnut Research**
P. B. No. 5, Junagadh - 362 001., website: www.nrcg.res.in, e-mail: director@nrcg.res.in,
Tele/fax: +91 0285-2672550, Phone: +91 0285-2673041, 2672461

Printed by :
**MooN Graphics,**
8, City Point, Talav Gate, Junagadh.
Ph. : 0285-2650625